R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February

નાપા - નડિયાદ - પાદરા દિશાવાળ સમાજનું અગ્રણી મુખપત્ર

ગુજરાતનો સમૃધ્ધ વૈશ્વિક ઉચ્ચ જ્ઞાતિનો સનાતન પરિવાર

# સદ્‌ગુણ જયતે

ત્રિમાસિક

સનાતન સદ્‌કર્મ સંસ્કાર સાહસ સમજુતી સંબંધ

Editor: KAUSHAL JAYANTILAL SHAH

Mobile : 88668 83883

SADGUN JAYATE (QUARTERLY)

Yr: 04 ● Iss. : 03 ● Cont. Issue: 15 ● November 25, 2025 ● Page: 04 ● Price : Rs. 5-00 ● Annual Sub. : Rs.20/-

Off. : Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad - 6

# લાલ ચંદનના આ ઉપાય તમને બનાવશે માલામાલ



**ઉપાય અપનાવતા રાખો આ ખાસ વાતનું ધ્યાન.**

પૂજા અને અનેક વિધિમા ઉપયોગમાં લેવાતું લાલ ચંદન ખૂબ પવિત્ર માનવામાં આવે છે. આ પૂજા સિવાય માથા પર તિલક કરવા માટે પણ ઉપયોગમાં લેવાય છે. હિન્દુ માન્યતા અનુસાર લાલ ચંદન ઘરમાં ખુશીઓ લાવે છે. તેના ઉપયોગથી જીવનમાં અપાર સુખ મેળવી શકાય છે. ચાલો તમને જણાવી દઈએ કે લાલ ચંદન કેવીરીતે તમારી ખુશીઓના તાળાંને ખોલવાની ચાવી બની શકે છે.

શું તમે જાણો છો લાલ ચંદનથી અમુક ઉપાય કરવામાં આવે છે. આ ઉપાય ખૂબ ચમત્કારિક હોય છે. તરત જ અસર દેખાડે છે. પણ નિયમ અનુસાર આ ઉપાય કરવા જોઈએ તો અને તો જ આનો ફાયદો તમને મળશે. જો તમે આ નિયમ તોડો છો તો તેનું પરિણામ તમારે ભોગવવાનું રહેશે. તમને જણાવી દઈએ કે આ ઉપાય કોઈ તાંત્રિક ઉપાય નથી. આનાથી સકારાત્મક અસર થાય છે અને નકારાત્મક અસર થતી નથી. આ ઉપાય કરવાથી તમારા જીવનની બધી સમસ્યા દૂર થઈ જશે.

૧. મંગળવારના દિવસે લાલ ચંદન, લાલ ગુલાબના ફૂલ અને નાડાછડી લેવી. હવે આ બધી વસ્તુઓને લાલ કપડાંમાં બાંધીને તિજોરી અથવા તો પૈસા રાખવાની જગ્યાએ મૂકી દેવી. ધન લાભ થવાની શરૂઆત થઈ જશે. આ ઉપાય દર છ મહિને ફરીથી કરવાનો છે.

૨. ઘરમાં અવારનવાર મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે તો આ સમસ્યાથી દૂર રહેવા માટે તમારે ગુરુપુષ્ય નક્ષત્રના એક દિવસ પહેલા ચંદનના ઝાડના મૂળ પર પીળા ચોખા, જળ ચઢાવી ધૂપ કરવું જોઈએ. પછી બીજા દિવસે એ જ ઝાડની થોડી લાકડી લાવીને એક લાલ કપડાંમાં બાંધી ઘર કે દુકાનના મુખ્ય દ્વાર પર બાંધી દેવી. આ ઉપાય કરવાથી તમારી સમસ્યા દૂર થઈ જશે અને ખુશીઓનું આગમન થશે.

૩. જો તમારા બાળકોને નજર લાગી રહી છે તો તરત જ આ ઉપાયથી સમસ્યાનું સમાધાન કરી શકો છો. આના માટે તમારે ચંદનની છાલનું ધૂપ કરવાનું રહેશે. આમ કરવાથી નજર દોષ દૂર થાય છે. આ સિવાય દરરોજ ચંદન તિલક લગાવીને મનની શાંતિ મળે છે અને આજ્ઞાચક્ર સક્રિય થઈને શુભ ફળ આપે છે.

૪. ઘરનું વાસ્તુ દોષ દૂર કરવા માટે ચંદનના લાકડાનો ચૂરો, અશ્વગંધા અને ગોખરુચૂરણમાં કપૂર મિક્સ કરી સતત ૪૦ દિવસ સુધી તેનું હવન કરવું જોઈએ. આમ કરવાથી ઘરનું વાસ્તુદોષ દૂર થાય છે આ સાથે સકારાત્મક ઉર્જા વધે છે.

# જીવનમાંથી હતાશા, નિરાશા દૂર કરી, કરો નવી શરૂઆત

શું તમે પણ જીવનમાં, કામમાં નિરાશા અનુભવો છો, તો એમાંથી બહાર નીકળો.

નિરાશા એક એવો શબ્દ છે જેનો અર્થ એવો થાય છે કે, જીવનનો એક એવો ભાગ જેમાં પોતાના જીવનની સમસ્યાઓને દૂર કરવા માટે પોતાની પાસે હિંમત ન હોવી. પરંતુ શું આ હકીકત માં સાચું છે ? જ્યારે જીવનમાં વિકટ પરિસ્થિતિ આવતી હોય છે તો આપણી સમક્ષ અનેક વિકલ્પ હોય છે. જેમ કે, જો તમે કોઈ સાપ કરડવા આવતો હોય તો, શું તમે ચૂપ રહીને એને જોયા કરો ?, કે પછી ઝડપથી તેજ રફતાર સાથે ત્યાંથી ભાગશો?

હકીકતમાં વ્યક્તિ પાસે પણ ઘણા વિકલ્પ હોય છે જેમકે તમે એના પર કોઈ પથ્થર ફેંકી શકતા હતા, અથવા તો તમારી પાસે જો લાકડી હોતી તો તમે એની મદદથી સાપને દૂર કરી શકતા અને જુઓ એ બન્ને વસ્તુ કામ ન કરતી તો પછી ત્યાંથી ભાગવું એ જ છેલ્લો રસ્તો હોય.

નિરાશાનો અર્થ કંઈક એવો કરી શકાય કે જ્યારે તમે જીવનમાં પોતાની નિઃસહાય અનુભવો છો અને કંઈ પણ કરી શકતા નથી, ત્યારે હતાશા ઘરે વળે છે. આવું ત્યારે જ થાય છે જ્યારે તમારી પાસે કોઈ વિકલ્પ રહેતો નથી આજ વસ્તુ મૃત્યુ સમાન બનતું હોય છે. કોઈપણ વ્યક્તિ ના હાથમાં જન્મ કે મૃત્યુ નિયંત્રિત નથી, પરંતુ તમે દુનિયાની વચ્ચે જેવી રીતે રહો છો, વિચારો છો, જીવનમાં આગળ વધો છો, એ આપણા ઉપર છે, આપણે જીવનમાં કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. પરંતુ હંમેશાં એક ઉકેલ પાછળ રહી જતા હોઈએ છે. જેને આપણે આપણી ચેતના અભાવના કારણે જોઈ શકતા નથી. આપણે નિરાશા હતાશા અનુભવવા લાગીએ છે.

નિરાશા એ શરીર, લાગણી અને વિચારોને અસર કરતી સમસ્યા છે. તે વ્યક્તિના ભૂખ, ઉંઘ અને તેના જીવન વિશેના ખ્યાલો ને અસર કરે છે. આ ફક્ત અમુક સમયે કે અમુક કલાકો સુધી રહેતી નિરાશા નથી કે, વ્યક્તિની અંગત નબળાઈ નથી. આ સમસ્યાનું સમાધાન કરવામાં ન આવે કે એની સારવાર ન મળે તો મહિનાઓ કે વર્ષો સુધી ચાલી શકે છે. ઘણી વખત મોટાભાગના લોકોને ખબર હોય છે કે, પોતે આ સમસ્યા કે આ રોગથી પીડાય છે, છતાં તેઓ તેનો ઉપચાર કે સારવાર કરતા નથી અને અકારણ વધુ પીડાતા રહે છે. હાલના સમયમાં નિરાશા એ બહુ મોટા



પ્રમાણમાં જોવા મળે છે. એ કોઈપણ વ્યક્તિને, સ્ત્રી પુરુષ, બાળક, વૃદ્ધ, શિક્ષિત અશિક્ષિત, ગરીબ કે તવંગર અને થઈ શકે છે, પરંતુ મોટા ભાગે એની શરૂઆત ૨૦ થી ૫૦ વર્ષની ઉંમરે થાય છે.

જીવનમાં નિરાશા કે હતાશા એ મનની એક નકારાત્મક અવસ્થા છે. જે તમારી માનસિક શક્તિ, ઈચ્છાઓ અને મનોબળ નબળું પાડી દે છે. આ સંજોગોમાં અને સમયમાં તમને સારું લાગે એ માટે જરૂરી અને મનગમતી એવી બાબતોમાં તમારે મન પરોવવું જોઈએ. આ તમારા માટે અઘરું બની શકે છે, પરંતુ એ યાદ રાખવું કે આ લડત આપીને ફરીથી ઊભા થઈને નવી શરૂઆત કરવી એ પણ જરૂરી છે. માત્ર મન મક્કમ કરવાથી તે દૂર નથી થતું, પરંતુ મનોબળ મક્કમ કરીને એકઠું કરીને તેની સામે બાથ ભીડીને તમારે પોતાની જાતને ચોક્કસ મદદ કરવાની છે. તમને સારું લાગે એવી પરિસ્થિતિ સર્જાતા થોડો સમય લાગશે, પરંતુ એના માટે રોજ બરોજ નિયમિત પ્રયત્નશીલ રહેવું પડશે અને નાની-નાની હકારાત્મક વાતોને ધ્યાનમાં રાખવી, યાદ રાખવું જોઈએ કે, હતાશા અનુભવતા હોવ તો અને એનો સામનો કરવા માનસિક રીતે તૈયાર થાવ છો, ત્યારે તમે જંગ જીતવા ના પાયા નાંખી ચૂક્યા છો. તમારી આ માનસિક તૈયારી તમને ઝડપથી આનંદમય જીવન જીવવામાં મદદરૂપ થાય છે.

જીવનમાં નાની નાની વાતો માટે દુખી શા માટે થવું ! આપણે બધા જ આપણા જીવનમાં ઉતાર-ચઢાવ નો સામનો કરીએ છીએ સુખ અને દુઃખનો સામનો કરીએ છે, અને આપણે એનો સામનો કરીને એનો હલ શોધવાનું શીખવું જોઈએ. એક નિરાશાજનક અને ભ્રમિત અથવા ગુસ્સાવાળી વ્યક્તિ ક્યારેય કંઈ પણ ઉકેલ શોધી શકતો નથી. માટે પરિસ્થિતિ ગમે તેવી હોય ત્યારે દુઃખી થવું જોઈએ નહીં. જો તમે હકારાત્મક રહેશો તો દરેક સમસ્યાઓનું સમાધાન શોધી શકશો. માટે આજના લેખમાં અમે કેટલીક એવી શ્રેષ્ઠ વાતો જણાવીશું, જેનાથી તમે જીવનમાંથી નિરાશાને દૂર કરી શકો છો.

## જીવનમાંથી નિરાશાને દૂર કરવાના ૯ શ્રેષ્ઠ અનોખા ઉપાય

### ☛ પોતાની સમસ્યાઓનું વિશ્લેષણ કરવું –

નિરાશાજનક સ્થિતિ ના ઘણા બધા કારણો હોઈ શકે છે. જુદી જુદી પરિસ્થિતિમાં લોકોને જુદા જુદા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. માટે તમારી જે પણ સમસ્યા હોય, જે પણ ઉંમર સાથે સંબંધિત હોય, બસ પોતાની જાતને એક પ્રશ્ન પૂછો આ ઘટના કેમ ઘટી અથવા આવું કેમ બન્યું, માની લો કે તમે તમારી નોકરી ગુમાવી છે માટે એને સંબંધિત દરેક બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો કારણકે, ક્યારેક આપણે પોતે પણ જાણતા નથી હોતા અને બધું જ સમાપ્ત થઈ ગયું હોય છે. માટે ધ્યાન કેન્દ્રિત કરવું અને વિચારવું જોઈએ એનાથી તરત જ તમને આપમેળે સંકેત મળવાના શરૂ થઈ જશે.

બની શકે કે તમારા બોસે તમારા કર્મચારીની સાથે ગેર વર્તન કર્યું હોય અથવા તો તમારા પ્રતિસ્પર્ધી વ્યક્તિઓએ કંઈક કર્યું હોય. જ્યારે તમે આ બધી શક્યતાઓ પર કામ કરો છો, ત્યારે જરૂરથી સંકેત મળે છે. અને કોઈપણ બાબત કામ ન કરે તો મુખ્ય કારણ તમારું પ્રદર્શન હોઈ શકે છે, પરંતુ એનાથી ગભરાવવું જોઈએ નહીં. કારણ કે આપણે બધા જ એવું વિચારતા હોઈએ છીએ કે આપણે અન્ય વ્યક્તિઓ કરતા શ્રેષ્ઠ છીએ અને અહંકાર ની ભાવના બધું જ નષ્ટ કરી દેતી હોય છે. આપણે પોતાનું વિશ્લેષણ કરીને તુલના કરવી જોઈએ. ત્યારબાદ જ કોઈ ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચવું જોઈએ.

### ☛ ભ્રમિત થવું જોઈએ નહીં –

ક્યારેક ક્યારેક એવું પણ થતું હોય છે કે આપણે દિલ અને દિમાગની વચ્ચે ફસાઈ જતા હોય છે. જેનાથી આપણું મૂડ ખરાબ થતું હોય છે. પોતાના જીવનકાળ ના સમયમાં વ્યક્તિઓ ઘણા બધા નિર્ણય લે છે. અને ક્યારેક ક્યારેક પોતાના નિર્ણયો સાચા સાબિત થાય છે, તો ક્યારેક ખોટા પણ સાબિત થાય છે, માટે ખોટી બાબતો પર વિચાર અને મંથન કરીને પોતાની શક્તિ ઉર્જા અને સમયની બરબાદી કરવી જોઈએ નહીં. એનાથી શ્રેષ્ઠ એ બાબત રહે છે કે ફરીથી ઊભા થઈ એ અને ફરીથી નવા પ્રયત્નો શરૂ કરીએ.

જો તમે વિચારોમાં ભયભીત થતા હોવ અને નક્કી કરી શકતા ન હોય કે શું કરવું જોઈએ તો એ ક્ષેત્ર સાથે જોડાયેલ અને એના શ્રેષ્ઠ અનુભવ ધરાવતા વ્યક્તિ પાસેથી સલાહ-સુચન લેવા જોઈએ. માની લો કે તમને કોઈ સંબંધમાં સમસ્યા હોય અને તમે નક્કી ન કરી શકતા હોય કે, આગળ તમારી શું કરવું તો પોતાની મમ્મી અથવા મોટા ભાઈ – બહેન પાસેથી સલાહસૂચન લેવી જોઈએ અથવા તમે પોતાના મિત્રો પાસેથી પણ સલાહ લઈ શકો છો. જે પહેલેથી જ એવા સંબંધ નો અનુભવ ધરાવતા હોય. એમના અનુભવ ની મદદથી નિશ્ચિતરૂપે દરેક બાબત સમજવામાં ખૂબ મદદ મળશે. એનાથી તમને સાચી દિશામાં માર્ગદર્શન મળશે. એ રીતે તમારા જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ એવા હોય છે જ્યાં તમે અનુભવી વ્યક્તિના સલાહ-સૂચન મેળવી શકો છો.

### ☛પોતાની જાતને મદદ કરવી –

નવી શરૂઆત કરવાના પ્રયત્ન કરીને તમારે પોતાની જાતને મદદ કરવાની છે. ધીમે ધીમે મક્કમતાપૂર્વક આગળ વધવાનું છે. તમારી પોતાની જાતને મદદ કરવાના તમારા પ્રયત્નો કરવા માટે, તમને ફરીથી સફળતાપૂર્વક નો આનંદમય જીવન જીવવામાં મદદરૂપ થશે. ભલે ધીમે ધીમે તમે આગળ વધો પરંતુ ક્યારેય પ્રયત્ન કરવામાં પાછળ ન રહો. પોતાની જાતને મદદ કરવા માટે સૌથી પહેલી જરૂરી બાબત એ છે કે તમારે પોતાની જાતને સ્વીકારવાની છે.

### ☛ પ્રેરક પુસ્તકો વાંચવા –

ઘણી વ્યક્તિઓને જીવન ચરિત્રો વાંચવાથી પણ મનોબળ મક્કમ બને છે. તેમાં પણ ખાસ કરીને એવી વ્યક્તિ જે પોતે હતાશ મનોદશામાંથી અને એવી અનેક મુશ્કેલીઓમાંથી પસાર થઈ હોય. એવી વ્યક્તિઓ ના પુસ્તકો વાંચીને તમને હતાશા સામે લડવાનું બળ મળે છે. જો તમે પોતાની મદદ કરવા માંગતા હોવ તો પ્રેરણા આપે તેવા વાંચન કરવા અને તેવા પ્રવચન સાંભળવાનો આગ્રહ રાખવો. હતાશાની આ અવસ્થામાં તમે તમારા મનને કેવા પ્રકારના વિચારો નો ખોરાક આપી રહ્યા છો તે ખુબ જ અગત્યનું બની રહે છે.

રમાં પણ શ્રેષ્ઠ છેભાગવત ગીતા. એને વાંચવાથી અને સમજવાથી ઘણી બધી મદદ મળી શકે છે. જ્યારે તમે જીવનમાં નિરાશ થઈ જાઓ ત્યારે કઈ પણ વસ્તુ ગમવી કે કંઈક કરવું મુશ્કેલ હોય છે. પરંતુ આ પુસ્તક તમને ખુબ જ મદદરૂપ થશે. એમાં દરેક સમસ્યાનું સમાધાન છે. તમે એને ઓડિયો સ્વરૂપે પણ youtubeમાં સાંભળી શકો છો. એમાં જ જીવનની સમસ્યાઓનું સમાધાન મળે છે. આ ભગવાન કૃષ્ણ હતા. જેમણે માનવ સ્વરૂપે જન્મ લીધો અને અર્જુનને સુંદર અને ભવ્ય જ્ઞાન આપ્યું. પરિણામ સ્વરૂપે એણે મહાભારતનું યુદ્ધ જીત્યું. આ જીવનની વિભિન્ન સ્થિતિઓનો વર્ણન કરે છે અને એનું યોગ્ય સમાધાન પણ આપે છે.

### ☛ મનપસંદ ફિલ્મ જોવી –

એવી ઘણી બધી ફિલ્મો હોય છે જે તમારું મૂળ સારું કરી શકે છે અને તમને સારા હકારાત્મક વિચારોથી પ્રભાવિત કરે છે. એવી ઘણી ફિલ્મ છે, જે તમારે જરૂરથી જોવી જોઈએ. આવી ફિલ્મો સમાજ માટે વિશેષ રૂપે એક સંદેશ આપે છે. એક જીવિત વ્યક્તિ દુઃખની સાથે આનંદનો અનુભવ પણ કરે છે. માટે નિરાશ થવું જોઈએ નહીં. જીવનમાં નવી શરૂઆત કરવી જોઈએ.

### ☛ જેની પાસે પોતાનાથી ઓછું હોય તેવી વ્યક્તિઓને ઉદાહરણ સ્વરૂપે જોવા –

જરૂરી નથી કે દરેક વ્યક્તિ ધનવાન હોય, દરેક વ્યક્તિ પ્રસિદ્ધિ પામે, દરેક વ્યક્તિ દરેક બાબતમાં સફળતા મેળવે. ફક્ત એક જ વસ્તુ છે. જે આપણે કરી શકે છે અને એ છે સખત પરિશ્રમ. જો ક્યારેક આપણે નિરાશાનો શિકાર બનિએ તો એવા લોકોને જોવા જેમની પાસે આપણાથી પણ ઓછું હોય. માની લો કે તમે એક કારના માલિક છો, તો એવા લોકોને જુઓ જેમની પાસે સ્કૂટર છે. એનાથી ધ્યાનમાં આવે છે કે આપણે કેટલા સુખી કે નસીબદાર છે. હકીકતમાં આપણે જ્યારે ઉપરની તરફ જોઈએ છે ત્યારે કાં તો આપણે ઉદાસ થઈ જઈએ છીએ, અથવા તો આપણે પ્રેરિત થતા હોય છે.

હંમેશા પોતાના થી ઓછું હોય એવી વ્યક્તિ સાથે પોતાના જીવનની તુલના કરવી અને આપણાથી ઉપરની કક્ષાના વાળાને ચેલેન્જ કરવી, વિચારવાની આ રીત નિશ્ચિત રીતે તમારા જીવનને બદલ છે. જેનાથી તમે ક્યારેય નિરાશ નહીં થાવ.

### ☛ મિત્રો અને સંબંધીઓના સલાહ-સૂચન લેવા –

નિરાશાની એક અવસ્થા હોય છે જેમાં વ્યક્તિનું મનોબળ નબળું પડતું જાય છે અને તેને અન્ય વ્યક્તિઓના માનસિક સહકાર ની જરૂરિયાત રહેતી હોય છે. એવા સમયમાં તમે તમારી સાથે સાચી લાગણીથી જોડાયેલા મિત્રો અને સગા-સંબંધીઓ નો ટેકો લઇ શકો છો. સલાહ-સૂચન લઈ શકો છો. આ બાબત તમને ઝડપથી સાજા થવામાં ખૂબ જ મદદરૂપ થઈ શકે છે, પરંતુ આ તબક્કામાં એક બાબત યાદ રાખવી પડે કે, જે વ્યક્તિ તમારી લાગણીને સાચા અર્થમાં સમજી શકતી ન હોય અથવા તમારી માનસિક અવસ્થા સાથે કોઈ લેવાદેવા ન હોય એવી વ્યક્તિઓ સાથે ક્યારેય તમારી મનોવ્યથા ની ચર્ચા કરવી જોઈએ નહીં. આવી વ્યક્તિઓ સરવાળે તમારી નિરાશા માં વધારો કરે છે. એવા સમયે એક વસ્તુ હંમેશા યાદ રાખવી જોઈએ કે, સાચી વ્યક્તિ સાથે લાગણી વહેચવાથી તમે આ સમસ્યામાંથી બહાર આવી શકો છો. ખોટી વ્યક્તિઓના સલાહ-સૂચન થી તમારી તકલીફ વધી શકે છે. આશાવાદી અને મૂળ પોઝિટિવ બનાવે એવી વ્યક્તિઓને સંપર્કમાં વધુ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમની વાતો, જીવન પ્રત્યેનો હકારાત્મક અભિગમ તમારું મનોબળ વધારવામાં ચોક્કસપણે મદદરૂપ થાય છે.

### ☛ પોતાની આવડતને વધારવી –

પોતાની આવડત ને વધુ ને વધુ સારી બહેતર બનાવવા માટે પ્રયત્ન કરવો. જીવનમાં તમે જે પણ ક્ષેત્રને પસંદ કરો છો તેમાં તમારી આવડત હોવી જોઈએ દુનિયા પ્રતિસ્પર્ધા થી ભરેલી છે. તમારે સફળ થવા માટે ઘણી બધી બાબતો પર કામ કરવું ખુબ જરૂરી બને છે.

પોતાના કાર્યક્ષેત્રના સ્થળ પર હંમેશા એક પ્રકારનું દબાણ રહેતું હોય છે. કારણ કે જે લોકો પોતાના કાર્યમાં કુશળ હોતા નથી તેઓ હંમેશા એક ભય અનુભવતા રહે છે. એવા સમયે એવી નોકરી શોધવી જોઈએ જ્યાં તમે વધુ નવું શીખી શકો, આવડત માં વધુ કુશળ બની શકો, અને રૂપિયા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જગ્યાએ પોતાની આવડત પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જો તમારી સાથે ક્યારેક કોઈ ખરાબ વ્યવહાર થાય તો નિરાશ થવું જોઈએ નહીં કારણ કે એના પાછળ હંમેશા એક કારણ જવાબદાર હોય છે.

### ☛પોતાની જાત પર વિશ્વાસ કરવો

પોતાની તુલના ક્યારેય પણ કોઈ અન્ય વ્યક્તિ સાથે કરીને નિરાશ, હતાશ થવું જોઈએ નહીં. કારણ કે ઈશ્વરે બધાને માટે અલગ અલગ પાત્ર પસંદ કર્યા છે. આપણે આ ધરતી પર એક મિલિયન કરોડથી પણ વધુ લોકો નો પરિવાર છે. અને બધાની અલગ કહાની છે.જીવનમાં કાયમ કંઈક અલગ કરવાનો ઉત્સાહ હોવો જોઈએ. આપણા બધામાં જ અલગ અલગ ક્ષમતાઓ રહેલી છે જેને ઓળખવી અને એ દિશામાં પ્રયત્નો કરવા જોઈએ. ઉદાસ હતાશ થવું જોઈએ નહીં. એના બદલે પડકાર નો સ્વીકાર કરીને ઊભા થઈને નિશ્ચિત રીતે વિરોધીઓનું મોઢું બંધ થઈ શકે એવા નવા પ્રયત્ન શરૂ કરવામાં ક્યારેય વાર લગાડવી જોઈએ નહીં.

R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February



# ગુજરાતનું ઝુલાસણ ગામના આ મંદિરમાં વિદેશ જવા ઈચ્છુકોની મનોકામના પૂર્ણ થાય છે



ગુજરાતનું આ એક એવું ગામ છે જ્યાં મહિલા સતી બની હતી. આશરે સાડા આઠસો વર્ષ પહેલા એક મહિલા ગુજરાતના ઝુલાસણ ગામે સતી બન્યા હતા જે આજે હાજરાહજૂર રહીને લોકોના દુઃખ દૂર કરે છે. આ સતી વિદેશ યાત્રા કરવા માટે આવતી અડચણો પણ દૂર કરે છે તેવી માન્યતા છે. આ સતી દેવી સ્વરૂપે ગામના મંદિરમાં પૂજાય છે. અહી આવતા દરેક લોકોની મનોકામના પૂર્ણ થાય છે તેમજ જેના ઘરે પારણું ન બંધાતું હોય તેઓ અહી આવીને માનતા રાખે તો તેમના ઘરે પારણું બંધાય જાય છે. વિદેશ જવા ઈચ્છુક લોકો સતી માતાના મંદિરે મોટી સંખ્યામાં આવે છે.

ગામ લોકોનું કહેવું છે કે, સતી થઇ ગયેલા ડોલોમાઁ વાસ્તવમાં અનેક લોકોની વિદેશ યાત્રા સફળ બનાવે છે અને કાળક્રમે ગામ લોકોની મદદ આવતાં તેમનું મંદિર બનાવાયું છે. ગુજરાતના આ ગામમાં એક એવું મંદિર બંધાયું છે જ્યાં દિવસ રાત માતાની આરતી થાય છે.

સાડા આઠસો વર્ષ પહેલાની વાત કરીએ તો આજે જ્યાં મંદિર છે ત્યાં જંગલ હતું. જ્યાં એક મહિલાની પાછળ કેટલાંક ડાકુઓ પડ્યા હતા. મહિલાએ પોતાની ઈજ્જત બચાવવા એક વખડામાં પહોંચી હતી. જ્યાં મહિલાએ સિધ્ધેશ્વરી માતાને અરજ કરી અને ત્યારબાદ જે થયું તે કહાની આજેય લોકચર્ચિત છે.

પુજારી દિનેશ પંડ્યાનું કહેવું છે કે હાલ જ્યાં આ મંદિર છે ત્યાં જંગલ હતું અને ત્યાં એક મહિલાની પાછળ ડાકુઓ પડ્યા હતા. આ મહિલા બાજુના ગામ પાનસરની હતી અને તેણે ઘણા દાગીનાઓ પહેર્યા હતા. જેને લૂંટવા ડાકુઓ આ મહિલાની પાછળ પડ્યા હતા. તે સમયે મહિલા દોડતી વખડોના વૃક્ષ પાસે પહોંચી હતી અને એ જ વખડોના વૃક્ષ પાસે સિદ્ધેશ્વરી માતાનું મંદિર છે. ત્યાં જ પોતાની ઈજ્જત બચાવવા આ મહિલા સતી થઈ ગઈ હતી અને ત્યાં જ ફૂલનો ઢગલો બની ગઈ. ત્યારથી જ અહીં દેવીનું મંદિર બનાવાયું છે.

ગુજરાતમાં આ માત્ર એક જ મંદિર એવું છે જ્યાં દેવી દોલો દેવીની પૂજા થાય છે. આ મંદિરમાં વચ્ચેની સાઈડમાં ડોલા માતાનું પથ્થરનું યંત્ર અને જમણી બાજુ છે ડોલા માતાની મૂર્તિ જ્યારે સિદ્ધેશ્વરી માતાજીની મૂર્તિ ડાબી બાજુ છે. ડોલા માતાની આ મૂર્તિને લઈ ચમત્કારો પણ ઘણા છે સાથે જ અનેક સવાલો પણ છે.

ગામના લોકોનું કહેવું છે કે આ દોલા માતાજી સતી બની ગાયબ થઈ ગયા હતા. ત્યારે ત્યાં ફૂલોનો ઢગલો થઈ ગયો હતો. જેને ચમત્કાર માનીને ગામના લોકો અહીં પૂજા કરવા લાગ્યા હતા. ત્યારથી એટલે કે ૭૦૦ વર્ષથી અહીં હિન્દુ મંદિરમાં દોલા માતાજીની પૂજા થાય છે. ઉપરાંત ગામના લોકોની ઘણી મનોકામનાઓ પૂર્ણ થવા લાગી ત્યારે ગામના લોકોએ અહીં પોતાના જ પૈસાથી ભવ્ય મંદિર બનાવ્યું.

અહીં અગાઉ દોલા માતાનું ફક્ત પથ્થરનું યંત્ર જ હતું પરંતુ કહેવાય છે કે એક ભક્તના સ્વપ્નમાં દોલા માતાજી આવ્યા હતા અને તેમણે જ પોતાનું સ્વરૂપ બતાવ્યું હતું ત્યારથી અહીં દોલા માતાજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે.

"સદ્‌ગુણ જયતે" ત્રિમાસિકમાં છપાયેલા સમાચારો, લેખો, રચનાઓ અને ફોટોગ્રાફ વગેરે સાથે તંત્રીનું સહમત હોવું જરૂરી નથી.

• Printer, Publisher & Owned by •
**Kaushal Jayantilal Shah, and**

**• Printed at Shri Ganesh Offset, A/6, Subh Labh Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad 380 004, and**

**• Published from •**
Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad- 380 006

• Editor : **Kaushal Jayantilal Shah**

To,

**BOOK-POST**